# મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે

મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારા હૈયાના હાર બની આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

તમે વામાદેવીના છો જા ...યા, ત્રણે લોકમાં આપ છવાયાં (૨)

મારાં મનના મંદિરમાં પધારજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

ભવસાગર છે બહુ ભા ...રી, ઝોલાં ખાતી રે નાવડી મારી (૨)

નૈયાંના સુકાની બની આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મને મોહરાજાએ હરા ...વ્યો, મને મારગ તારો ભૂલાવ્યો (૨)

જીવનનાં સારથી બની આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારા દિલમાં રહ્યા છો આ ...પ, મારા મનમાં ચાલે તારો જાપ (૨)

મારા મનનાં મયૂર બની આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારી આંખોમાં પાર્શ્વ પ્રભુ આવજો રે

હું તો પાંપણના પુષ્પે વધાવું (૨)

મારા હૈયાના હાર બની આવજો રે (૨)

હું તો પાંપણના પુષ્પે વધાવું (૩)

03-20-2016 - https://www.youtube.com/watch?v=jj5KX_bnWIg